દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

ગુરુવાર ૨૩ જુલાઈ, ૨૦૨૬

# ટ્રમ્પે ઈરાન સાથેના યુદ્ધમાં 3 લાખ કરોડ ફૂંકી માર્યા, હવે વાતોથી યુદ્ધ સમાપ્ત કરે તો સારું

વિશ્વ રાજકારણમાં જ્યારે આક્રમક વ્યૂહરચના અને અવિચારી નિર્ણયો ભેગા થાય છે, ત્યારે તેનું નુકસાન માત્ર સરહદ પર લડતા સૈનિકોને જ નહીં, પરંતુ સમગ્ર રાષ્ટ્રના અર્થતંત્ર અને સામાન્ય નાગરિકોના ખિસ્સાને સહન કરવું પડે છે. અમેરિકા અને ઇરાન વચ્ચે શરૂ થયેલા સંઘર્ષે હવે એક એવો વળાંક લીધો છે, જ્યાં સફળતા દૂર-દૂર સુધી દેખાતી નથી અને નાણાકીય તથા માનવીય ક્ષતિનો આંકડો દિનપ્રતિદિન આસમાને પહોંચી રહ્યો છે. તાજેતરમાં વોશિંગ્ટનમાં અમેરિકી સેનેટ એપ્રોપ્રિએશન્સ કમિટી સમક્ષ રજૂ કરાયેલા આંકડાઓએ વિશ્વભરના રાજકીય વિશ્લેષકો અને અમેરિકી પ્રજાને ચોંકાવી દીધા છે. અમેરિકી સંરક્ષણ સચિવ પીટ હેગસેથે જાહેરમાં સ્વીકારવું પડ્યું છે કે ઇરાન સાથેના આ યુદ્ધમાં અત્યાર સુધીમાં આશરે ૩૭.૫ બિલિયન ડોલર (લગભગ રૂ. ૩.૩૮ લાખ કરોડ) નો અધધ ખર્ચ થઈ ચૂક્યો છે. આટલો મોટો આર્થિક ભોગ આપ્યા છતાં, હાથમાં શૂન્ય પરિણામ આવ્યું છે. આ આંકડો માત્ર એક નાણાકીય ડેટા નથી, પરંતુ યુદ્ધની નિષ્ફળતા અને અવિચારી રાજકીય નિર્ણયોનો જીવંત પુરાવો છે.

અમેરિકન વાઇટ હાઉસ અને પેન્ટાગોન દ્વારા યુદ્ધ શરૂ કરતી વખતે એવો દાવો કરવામાં આવ્યો હતો કે આ કાર્યવાહી ખૂબ ટૂંકી અને નિર્ણાયક રહેશે. પરંતુ ઇરાનની ભૌગોલિક સ્થિતિ, તેની ગુપ્ત વ્યૂહરચના અને વળતા પ્રહાર કરવાની ક્ષમતાનું આંકલન કરવામાં ટ્રમ્પ પ્રશાસન કાચું કાપ્યું હોય તેમ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. ફેબ્રુઆરી મહિનાથી શરૂ થયેલી આ સૈન્ય કાર્યવાહીમાં અમેરિકાએ અત્યાર સુધીમાં માત્ર અબજો ડોલરની મિસાઇલો અને બોમ્બ જ નથી ગુમાવ્યા, પરંતુ પોતના જાનમાલનું પણ મોટું નુકસાન વેઠ્યું છે. ૧૭થી ૧૮ જેટલા અમેરિકી જવાનોના મૃતદેહો અને ૧૦૦થી વધુ ઘવાયેલા સૈનિકો એ વાતની જુબાની આપે છે કે ઇરાન સામેનું આ યુદ્ધ કોઈ સરળ રમત નથી. વિયેતનામ, અફઘાનિસ્તાન અને ઇરાક યુદ્ધોની કડવી યાદો હજુ તાજી છે, ત્યારે વધુ એક ‘ક્યારેય ન સમાપ્ત થતું યુદ્ધ’ અમેરિકાના ગળાનું હાડકું બની ગયું છે.

અમેરિકી પ્રજા આજે મોંઘવારી અને આર્થિક પડકારોનો સામનો કરી રહી છે. સામાન્ય નાગરિક પોતાના મહેનતના નાણાંમાંથી ટેક્સ ચૂકવે છે. જેથી દેશમાં શિક્ષણ, આરોગ્ય, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને રોજગારીની તકો ઉભી થઈ શકે. પરંતુ તેના બદલે આ ટેક્સના નાણાં મધ્યપૂર્વના રણપ્રદેશમાં મિસાઇલો અને બોમ્બ ધડાકા પાછળ હોમાઈ રહ્યા છે.

ડેમોક્રેટિક પક્ષના અગ્રણી નેતાઓ અને સેનેટર પેટી મુરે જેવા અનુભવી સંસદસભ્યોએ સાચો પ્રશ્ન ઉઠાવ્યો છે કે: “દર વખતે વચન આપવામાં આવે છે કે કરાર નજીક છે અને યુદ્ધ પૂરું થવા જઈ રહ્યું છે, પરંતુ વાસ્તવિકતામાં ફરીથી અબજો ડોલરની નવી માંગણીઓ મૂકવામાં આવે છે. આ આંધળો વિશ્વાસ ક્યાં સુધી રાખવો?” આ યુદ્ધ અમેરિકાના આંતરિક રાજકારણમાં મોટો ભૂકંપ લાવ્યું છે.

આગામી મધ્યસત્ર ચૂંટણીઓ માટે હવે ગણતરીના મહિનાઓ જ બાકી રહ્યા છે, ત્યારે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમની રિપબ્લિકન પાર્ટી માટે સત્તા જાળવી રાખવી આકરી કસોટી બની રહેશે. અમેરિકાની જનતામાં યુદ્ધ પ્રત્યેનો આક્રોશ વધી રહ્યો છે. ઓપિનિયન પોલ્સ દર્શાવે છે કે ટ્રમ્પ પ્રશાસનની લોકપ્રિયતામાં નોંધપાત્ર કડાકો બોલાયો છે. ડેમોક્રેટ્સ આ અપ્રિય યુદ્ધને સામાન્ય લોકોના ખિસ્સા પર પડતા આર્થિક બોજ સાથે જોડીને ચૂંટણી મુદ્દો બનાવી રહ્યા છે. હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ અને સેનેટમાં માત્ર વિપક્ષ જ નહીં, પરંતુ ખુદ રિપબ્લિકન પક્ષના કેટલાક વિવેકબુદ્ધિ ધરાવતા સંસદસભ્યો પણ પારદર્શિતાના અભાવે સરકારથી નારાજ છે. યુદ્ધ શરૂ કરતી વખતે સંસદને વિશ્વાસમાં ન લેવાનો આરોપ પણ પ્રશાસન પર લાગી રહ્યો છે.

સંયુક્ત રાષ્ટ્ર (UN) અને વૈશ્વિક સમુદાય હંમેશા શાંતિ અને રાજદ્વારી સંવાદનો આગ્રહ રાખતો આવ્યો છે. જોકે, એકતરફી કાર્યવાહી અને આક્રમક વિદેશ નીતિના કારણે વૈશ્વિક ક્ષેત્રે પણ અમેરિકાની સ્થિતિ નબળી પડી છે. તેલના વૈશ્વિક ભાવમાં વધારો, સપ્લાય ચેઇનમાં અવરોધો અને મધ્યપૂર્વમાં અસ્થિરતાને કારણે સમગ્ર વિશ્વનું અર્થતંત્ર પ્રભાવિત થઈ રહ્યું છે. જો યુદ્ધનો અંત લાવવા માટે તાત્કાલિક રાજદ્વારી માર્ગ અપનાવવામાં નહીં આવે, તો આ સંઘર્ષ માત્ર અમેરિકા કે ઇરાન પૂરતો મર્યાદિત નહીં રહે, પરંતુ સમગ્ર વૈશ્વિક આર્થિક માળખાને ડામાડોળ કરી દેશે.

ઐતિહાસિક અનુભવો આપણને શીખવે છે કે સૈન્ય બળથી સામ્રાજ્યો જીતી શકાય છે, પરંતુ શાંતિ અને સ્થિરતા સ્થાપી શકાતી નથી. $37.5 બિલિયનનો ખર્ચ અને ડઝનબંધ સૈનિકોના બલિદાન પછી પણ જો પરિણામ શૂન્ય હોય, તો યુદ્ધની વ્યૂહરચના પર પુનર્વિચાર કરવો અનિવાર્ય બની જાય છે. અમેરિકી પ્રશાસને હવે હઠાગ્રહ છોડીને વાસ્તવિકતાનો સ્વીકાર કરવો પડશે. યુદ્ધ પાછળ વધુ અબજો ડોલર વેડફવાને બદલે રાજદ્વારી ટેબલ પર આવીને કાયમી ઉકેલ શોધવો એ જ અમેરિકન પ્રજા, સંરક્ષણ દળો અને સમગ્ર વિશ્વના હિતમાં છે. અન્યથા, આ યુદ્ધ ઇતિહાસના પાના પર વધુ એક આર્થિક અને માનવીય હોનારત તરીકે નોંધાશે, જેની કિંમત આવનારી પેઢીઓએ ચૂકવવી પડશે અને તે પણ માત્ર અમેરિકા જ નહીં પરંતુ સમગ્ર વિશ્વની પેઢીઓએ તેનો ભાર સહન કરવો પડશે તે નક્કી છે.

# ડાયમંડ ઈન્ડસ્ટ્રીમાં હલચલ: શું લેબ-ગ્રોન હીરા ભારતના ૨૫ અબજ ડૉલરના ઉદ્યોગને બદલી નાખશે?

## ઈકો-નોમિક્સ

**ડૉ.જયનારાયણ વ્યાસ**

> **ઈતિહાસ સાક્ષી છે કે ટેક્નોલોજીકલ પરિવર્તનને જે દેશોએ સ્વીકાર્યું છે તેમણે નવી ઊંચાઈઓ સર કરી છે**

અડધી સદી કરતાં વધુ સમયથી, વિશ્વના સૌથી ચમકતા અને ભવ્ય ઉદ્યોગ પર એક ભારતીય શહેરે રાજ કર્યું છે અને તે છે - સુરત. સુરત પોતે હીરાની કોઈ ખાણ નથી ધરાવતું, પરંતુ વિશ્વભરમાં વેચાતા દસમાંથી લગભગ નવ હીરા સુરતના કુશળ કારીગરોના હાથમાંથી પસાર થઈને દુનિયા સામે આવે છે. પેઢીઓથી સુરતનાં પરિવારો આ ઉદ્યોગ સાથે જોડાયેલાં છે, જેના કારણે લાખો લોકોને રોજગારી મળે છે, હજારો ફેક્ટરીઓ ધમધમે છે અને અબજો ડૉલરની નિકાસ થાય છે. આ ભારતની સૌથી મોટી મેન્યુફેક્ચરિંગ સફળતાની કથાઓમાંની એક છે.

પરંતુ આજે, આ ઉદ્યોગ સામે એક પડકાર ઊભો થઈ રહ્યો છે. આ પડકાર દક્ષિણ આફ્રિકા, રશિયા, બોત્સ્વાના કે કેનેડાની ખાણોમાંથી નથી આવી રહ્યો, પરંતુ તે વૈજ્ઞાનિક પ્રયોગશાળાઓ એટલે કે લેબોરેટરીઓમાંથી આવી રહ્યો છે. ટેક્નોલોજીની આ ક્રાંતિ સદીઓ જૂની પરંપરાને મોટો પડકાર આપી રહી છે.

### કુદરતી હીરા વિરુદ્ધ લેબ-ગ્રોન હીરા

ઘણાં લોકોના મનમાં એ ભ્રમ હોય છે કે લેબ-ગ્રોન હીરા એટલે કે ક્યુબિક ઝિરકોનિયા, કાચ કે નકલી પથ્થર. પરંતુ હકીકત એ છે કે તે અસલી હીરા જ છે. તેમની ક્રિસ્ટલ રચના, રાસાયણિક સંયોજન અને ઓપ્ટિકલ ચમક કુદરતી હીરા જેવી જ હોય છે. ખુલ્લી આંખે બંનેમાં ફરક કરવો અશક્ય છે. કુદરતી હીરા પૃથ્વીના પેટાળમાં અબજો વર્ષોની પ્રક્રિયા બાદ બને છે, જ્યારે લેબ-ગ્રોન હીરા પ્રયોગશાળામાં HPHT (High Pressure High Temperature) અને CVD (Chemical Vapor Deposition) જેવી અદ્યતન તકનીકો દ્વારા માત્ર થોડાં અઠવાડિયાંમાં તૈયાર કરવામાં આવે છે. વૈજ્ઞાનિક પ્રક્રિયા ઝડપી હોવાથી લેબ-ગ્રોન હીરા કુદરતી હીરા કરતાં ખૂબ જ ઓછી કિંમતમાં ઉપલબ્ધ થાય છે.

### સુરત અને ભારતની અર્થવ્યવસ્થા પર અસર

છ દાયકાથી સુરત વૈશ્વિક ડાયમંડ કટીંગ અને પૉલિશિંગનું કેન્દ્ર રહ્યું છે. ગુજરાતમાં લાખો લોકો આ વ્યવસાય સાથે સીધા કે આડકતરી રીતે જોડાયેલાં છે. પરંતુ, જ્યારે કુદરતી હીરાના ભાવ નરમ પડ્યા અને લેબ-ગ્રોન હીરાનું ઉત્પાદન ઝડપથી વધ્યું ત્યારે બજારમાં બદલાવ આવ્યો.

### ઓર્ડર ઓછા થયા અને નફાનું માર્જિન ઘટ્યું. ઇન્વેન્ટરી વધી અને કેટલાંક નાનાં એકમોને સંઘર્ષ કરવો પડ્યો.

આનાથી ઉદ્યોગકારો સામે મોટો સવાલ ઊભો થયો કે, જો ટેક્નોલોજી સસ્તા હીરા બનાવી શકે છે, પરંપરાગત વ્યવસાયનું ભવિષ્ય શું હશે?

### ભારત માટે આગળનો રસ્તો: પડકાર કે નવી તક?

ઈતિહાસ સાક્ષી છે કે ટેક્નોલોજીકલ પરિવર્તનને જે દેશોએ સ્વીકાર્યું છે તેમણે નવી ઊંચાઈઓ સર કરી છે. જાપાને ઈલેક્ટ્રોનિક્સ અપનાવ્યું, દક્ષિણ કોરિયાએ સેમિકન્ડક્ટર્સ અપનાવ્યાં અને ચીને ઈલેક્ટ્રિક વાહનો અપનાવ્યાં. ભારત પણ હવે આવા જ ઐતિહાસિક વળાંક પર ઊભું છે. ભારત પાસે કુશળ કારીગરો, એન્જિનિયરિંગ પ્રતિભા, મેન્યુફેક્ચરિંગનો લાંબો અનુભવ અને સુરત જેવી અજોડ કુશળતા મોજૂદ છે. જો ભારત પરંપરાગત હીરાની સાથે-સાથે લેબ-ગ્રોન હીરાના ઉત્પાદન, સંશોધન (R|D) અને બ્રાન્ડિંગમાં રોકાણ કરે, તો તે વિશ્વનું અગ્રણી ડાયમંડ ટેક્નોલોજી હબ બની શકે છે.

ભવિષ્યમાં ભારત આક્રમક રીતે રોકાણ કરે અને સુરત વિશ્વનું સૌથી મોટું ડાયમંડ ટેક્નોલોજી હબ બને એવી ઉજ્જવળ શક્યતા છે. લક્ઝરી માર્કેટમાં કુદરતી હીરા ટકી રહે અને સસ્તા બજારમાં લેબ-ગ્રોન હીરા પ્રભુત્વ જમાવે, જેમાં ભારતીય કંપનીઓ બંને ક્ષેત્રે કામ કરે, એવું બની શકે. કેટલાક વ્યવસાયો આધુનિક બને જ્યારે જૂના મોડેલ પર નિર્ભર રહેનારાં પાછળ રહી જાય. પરંતુ જો વૈશ્વિક સ્પર્ધકો ભારત કરતાં વધુ ઝડપથી આગળ વધે તો ભારત માત્ર કટીંગ પૂરતું સીમિત થઈ જાય. આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ (AI) અને રોબોટિક્સ ડાયમંડ મેન્યુફેક્ચરિંગને સંપૂર્ણપણે બદલી નાખે એવું પણ બને.

ભારત માટે આ વિષય માત્ર હીરા પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે ભારતની મેન્યુફેક્ચરિંગ સ્પર્ધાત્મકતાની કસોટી છે. આગળનો ઈતિહાસ ખાણોમાં નહીં, પરંતુ ભારતની પ્રયોગશાળાઓ અને ફેક્ટરીઓમાં લખાશે. કોઈ પણ ઉદ્યોગનો ઈતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે કે સમય સાથે બદલાવ અનિવાર્ય છે. જે વ્યવસાયો માત્ર જૂના વિચારો કે પરંપરાગત પદ્ધતિઓને વળગી રહે છે, તેઓ આધુનિકીકરણની રેસમાં પાછળ છૂટી જાય છે. આજના ઝડપથી બદલાતા વૈશ્વિક બજારમાં સફળતા મેળવવા માટે માત્ર સખત મહેનત પૂરતી નથી, પરંતુ સમય પહેલાં આવનારી તકનીકી ક્રાંતિને ઓળખીને તેમાં સક્રિયપણે જોડાવું પડે છે.

સુરતના હીરા ઉદ્યોગે ભૂતકાળમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરીને પોતાની આગવી ઓળખ ઊભી કરી છે અને આજે સમય આવી ગયો છે કે આ ઉદ્યોગ પોતાની એ જ અજેય ભાવના સાથે લેબ-ગ્રોન ટેક્નોલોજી અને સંશોધનને અપનાવીને ભવિષ્યની વૈશ્વિક સ્પર્ધામાં ફરી એક વાર નંબર વન સ્થાન પ્રાપ્ત કરે. ઈતિહાસ એ વાતનો સાક્ષી છે કે જે રાષ્ટ્ર કે ઉદ્યોગ સમયની સાથે પરિવર્તન સ્વીકારે છે, ભવિષ્ય હંમેશા તેનું જ સ્વાગત કરે છે.

લેબ-ગ્રોન ડાયમંડ હવે મધ્યમ વર્ગના હાથમાં હીરો મુકાશે એટલે બજાર વધશે પણ લેબ-ગ્રોન ડાયમંડના કિસ્સામાં પ્રોસેસિંગ સમય, વેસ્ટેજ લગભગ નહિવત્ રહેશે. અસલ હીરા જેટલી જ શુદ્ધિ (બલકે એથી પણ વધારે) હોવા છતાં લેબોરેટરીમાં માસ પ્રોડકશન અને ખાણમાંથી હીરા કાઢવા માટે થતો જંગી ખર્ચ ન થતો હોવાને કારણે લેબ-ગ્રોન ડાયમંડ નીચીથી મધ્યમ કક્ષાના હીરા હશે અને એટલે માલિકોની નજર નીચે જ કારીગર કામ કરે નહિતર માલ બદલાઈ જાય એનું જોખમ અનેક ગણું ઘટી જશે, જેને પરિણામે હીરા ઉદ્યોગના પ્રોસેસિંગના તાલુકા અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલાં કારખાનાં ફરીથી જીવતાં થાય અને ફરી એક વાર રત્નકલાકારો સુરત છોડીને ગામડે પાછાં ફરે એવી ઘટના બને તો નવાઈ પામવા જેવું નહીં હોય.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## બે તીરની કહાની

ભગવાન બુદ્ધ પોતાના ઉપદેશમાં એક દૃષ્ટાંત કથા કહેતા. બે તીરની કહાની. આ વાર્તા દ્વારા તેઓ બધાને જીવનમાં દુઃખ પડે ત્યારે તેને સમજવાનો અને સહન કરવાનો એક સાચો રસ્તો સમજાવતા. ભગવાન બુદ્ધે પોતાના શિષ્યને ઉપદેશ આપતાં કહ્યું, ‘શું તમને જીવનમાં દુઃખ આવે ત્યારે શું કરવું ખબર છે?’ શિષ્યો બોલ્યા, ‘ભગવન્ દુઃખ આવે ત્યારે માણસ પોતાની બધી સમજ ભૂલી જાય તો કેવી રીતે સમજ પડે શું કરવું જોઈએ?’ ભગવાન બુદ્ધ બોલ્યા, ‘શિષ્યો જીવનમાં કંઈ પણ ન ગમતું બને, કોઈ કામમાં અસફળતા મળે ,કોઈ મોટી બીમારીનો સામનો કરવો પડે, આર્થિક તકલીફો આવે, કોઈ વિશ્વાસઘાત કરે, કોઈ પ્રિયજન સાથ છોડી જાય આ બધી જ પરિસ્થિતિ દુઃખ છે અને તે જીવનમાં અને વ્યક્તિના કાળજામાં એક તીરની જેમ ભોંકાય છે અને તેના તન અને મનને ઘાયલ કરી દે છે.આ પહેલું તીર છે જે વ્યક્તિને જીવનમાં ગમે ત્યારે ઘાયલ કરી શકે છે અને તેનાથી બચવું શક્ય જ નથી.’ એક



શિષ્યે પૂછ્યું, ‘હા ગુરુજી, દુઃખ તો કોઇ પણ સ્વરૂપે કોઈ પણ રીતે જીવનમાં આવી શકે અને તેને સહન કરવું જ પડે ખરું ને …’ ભગવાન બુદ્ધ બોલ્યા, ‘હા વત્સ, વાત તારી સાચી જીવનમાં દુઃખ પહેલાં તીરની જેમ આવીને વાગે અને પીડા આપે તે સહન કરવી પડે તેની સામે લડવું જ પડે પણ પોતાને બીજું તીર મારવાની જરૂર નથી પણ બધા મનુષ્યો દુઃખ રૂપી પહેલું તીર વાગે ત્યારે ઘાયલ થાય છે અને વળી બીજું તીર મારીને પોતાને વધુ ને વધુ ઘાયલ કરે છે.’ શિષ્યે પૂછ્યું, ‘ભગવન્, એવું કયું બીજું તીર છે અને દુઃખી માણસ પોતે દુઃખી અને વેદનામાં હોય ત્યારે પોતે શું કામ પોતાને બીજું તીર મારે …’ ભગવાન બુધ્ધ બોલ્યા, ‘વત્સ, બધાં માણસો પોતાને જીવનમાં દુઃખનું પહેલું તીર વાગે ત્યારે તેની પીડા તો સહન કરે જ છે પણ સાથે સાથે તે દુઃખનો સ્વીકાર ન કરીને …હવે શું થશે? ની ચિંતા કરીને …મારી સાથે જ શું કામ ભગવાન આવું કરે છે? તેવા ખોટા વિચારો કરીને … કાશ આવું ન થયું હોત તો સારું થાત તેવાં સપનાં જોઇને …મારું જ નસીબ ખરાબ છે …વગેરે વગેરે ચિંતા ,પસ્તાવો ,સતત નકારાત્મક વિચારો કરીને સતત બીજા તીરથી પોતાને ઘાયલ કરતો જ રહે છે અને એટલે તે દુઃખમાંથી ક્યારેય બહાર આવી શકતો નથી.’ ભગવાન બુદ્ધે આગળ સમજાવતાં કહ્યું, ‘જીવનમાં દુઃખ પહેલાં તીરના રૂપમાં ગમે ત્યારે વાગી શકે છે. તે આપણે અટકાવી શકવાના નથી પણ હા, બીજું તીર મારીને જાતને વધુ ઘાયલ ન કરવી આપણા હાથમાં છે. દુઃખ અને તેને કારણે આવતા નકારાત્મક વિચારોને પકડીને રાખવા કરતાં દુઃખને સમજો ,સ્વીકારો અને આગળ વધો.’

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

# અહેવાલ અને અભરાઈ બન્ને એકમેક માટે બનેલાં છે?

## ફીર દેખો યારોં

**બીરેન કોઠારી**

> **આગળ વધવાનો સાચો અર્થ એ છે કે પોતાની ખામીઓને ઓળખીને તેને દૂર કરવાની તેની તૈયારી છે ચાહે એ વ્યક્તિ હોય, સંસ્થા હોય કે રાજ્ય હોય!**

એક જમાનામાં શાળાના પરિણામનો દિવસ વિદ્યાર્થીઓ માટે ખાસ ઉત્સુકતાનો રહેતો. કોણ પ્રથમ આવ્યું, કોણ પાછળ રહ્યું–તેની ચર્ચા થતી પણ થોડા સમયમાં સમજાતું કે આવો ક્રમ એ આખા વિદ્યાર્થીનું સંપૂર્ણ મૂલ્યાંકન નથી. એટલે કે ગમે એવી જટિલ વાસ્તવિકતાને આંકડામાં સમેટી કે દર્શાવી શકાય ખરી, જે આપણા સૌની પ્રિય પ્રવૃત્તિ છે. પણ એ આંકડો આખી વાત ભાગ્યે જ કહી શકે.

રાજ્યોના વિકાસનું મૂલ્યાંકન કરતી વખતે પણ આ બાબત ધ્યાને લેવી પડે. કોઈ રાજ્યની અર્થવ્યવસ્થા મોટી હોય, ઉદ્યોગો વધુ હોય કે આવકનું પ્રમાણ ઊંચું હોય, તો આપણે તેને વિકસિત માનવા લાગીએ છીએ. પણ વિકાસ એટલે માત્ર આર્થિક વૃદ્ધિ? જાહેર આરોગ્ય, શિક્ષણ, પર્યાવરણ, ખેતી, જાહેર સુવિધાઓ વગેરે જેવી અનેક બાબતો વિકાસ સાથે સંકળાયેલી હોય છે. તાજેતરમાં પ્રકાશિત થયેલો ‘સ્ટેટ ઑફ ઈન્ડિયાઝ એન્વાયર્મેન્ટ ૨૦૨૬’ અહેવાલ આ રીતે મહત્ત્વનો બની રહ્યો છે. તેમાં પર્યાવરણ, ખેતી અને જમીન, જાહેર આરોગ્ય તથા માનવવિકાસ અને જાહેર માળખાગત સુવિધાઓ જેવાં ચાર મુખ્ય ક્ષેત્રોના આધારે આપણા દેશનાં રાજ્યોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

આ અહેવાલ અનુસાર દેશનાં સૌથી વધુ વસ્તી ધરાવતાં પાંચ રાજ્યો–ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર, મધ્ય પ્રદેશ અને પશ્ચિમ બંગાળ–ઘણા માપદંડોમાં પાછળ રહ્યાં છે. તો ગોવા, આસામ, હિમાચલ પ્રદેશ અને નાગાલેન્ડ જેવાં, પ્રમાણમાં નાનાં રાજ્યો અનેક ક્ષેત્રોમાં આગળ છે. એટલે કે એ હકીકત નીચે લીટી ઘેરી બને છે કે મોટું રાજ્ય એટલે વધુ વિકસિત, વધુ વસ્તી એટલે વધુ પ્રગતિ કે મોટી અર્થવ્યવસ્થા એટલે સર્વાંગી વિકાસ એવું હંમેશાં હોતું નથી. બીજી રીતે કહીએ તો વિકાસનો સંબંધ માત્ર કદ સાથે નહીં, આયોજન, શાસનની ગુણવત્તા અને જાહેર સેવાઓની અસરકારકતા સાથે પણ છે. આ અહેવાલ માટેના જરૂરી આંકડા સરકારી સ્રોતમાંથી લેવામાં આવ્યા છે.

આ અહેવાલની સૌથી રસપ્રદ બાબત કદાચ એ છે કે પ્રથમ ક્રમે આવવું એટલે સંપૂર્ણ બનવું નહીં. ગોવા ઘણા માપદંડોમાં આગળ છે ખરું, છતાં ત્યાં પાણીના શુદ્ધિકરણ, પ્રદૂષિત નદી વિસ્તારો અને જાહેર આરોગ્યની માળખાકીય મર્યાદાઓ જેવા પ્રશ્નો છે. પંજાબ ખેતીની દૃષ્ટિએ મજબૂત રાજ્ય છે, પણ રાસાયણિક ખાતરો પરની વધુ પડતી નિર્ભરતા અને સજીવ ખેતીના અભાવ જેવા પ્રશ્નોથી તે અસરગ્રસ્ત છે. એટલે અમુકતમુક માપદંડ અનુસાર કોઈ રાજ્ય અગ્રક્રમે હોય એ કોઈ મોટી સિદ્ધિ નથી, એમ કોઈ રાજ્ય પાછળ હોય તો એ એવી શરમની વાત પણ નથી. કેમ કે, મૂળ વાત તો પોતે પોતાના ક્રમ બાબતે, મર્યાદાઓ બાબતે સભાન છે કે કેમ એ જ મહત્ત્વનું છે.

આ જ બાબતને જરા વ્યાપક રીતે જોઈએ તો, માત્ર રાજ્યો માટે નહીં, વ્યક્તિ અને સમાજ માટે પણ આ હકીકત લાગુ પડે છે. કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા સંપૂર્ણ નથી હોતી. આગળ વધવાનો અર્થ એ નથી કે તેનામાં કશી ખોટ નથી. આગળ વધવાનો સાચો અર્થ એ છે કે પોતાની ખામીઓને ઓળખીને તેને દૂર કરવાની તેની તૈયારી છે ચાહે એ વ્યક્તિ હોય, સંસ્થા હોય કે રાજ્ય હોય!

આંકડાઓનું મહત્ત્વ અવશ્ય છે. તે આપણને વાસ્તવિકતા નિહાળવાનો એક દૃષ્ટિકોણ આપે છે. તે બતાવે છે કે ક્યાં પ્રગતિ થઈ છે અને ક્યાં હજી લાંબી મજલ કાપવાની છે. એ જ રીતે આંકડાઓની પોતાની એક મર્યાદા પણ છે. તેમાં એ બાબત દર્શાવી શકાય છે કે કેટલા રસ્તા બન્યા, કેટલા લોકોને આરોગ્યસુવિધા મળી કે કેટલો જંગલ વિસ્તાર બચ્યો. પણ કોઈ સમાજમાં જવાબદારીની ભાવના કેટલી છે, જાહેર જીવનમાં સંવેદનશીલતા કેટલી છે કે લોકો પોતાના ભવિષ્ય વિશે કેટલા સજાગ છે–એ બધું માત્ર આંકડાઓથી માપી ન શકાય.

અત્યારે આખો ખેલ ક્રમાંકનો ચાલી રહ્યો છે. ચાહે એ પરીક્ષા હોય કે સમાજજીવન યા રાજકારણ. ક્રમાંક આગળ આવડત ગૌણ બની રહે એવું વાતાવરણ આપણે નિર્માણ કરી દીધું છે. નેતાઓ પોતાની છબીને અનુકૂળ બની રહે એવા અહેવાલ કે સર્વેક્ષણ કરાવે છે, એમ જે સર્વેક્ષણ કે અહેવાલમાં પોતાની છબિ ખરડાતી લાગે એને તેઓ વિશ્વસનીય ગણતા નથી. આખો ખેલ વાસ્તવિકતાનો નહીં, પણ છબીનો, એટલે કે શું છે એનો નહીં, પણ કેવું દેખાવું જોઈએ એનો છે. આ આખા ખેલમાં એવી એવી નકામી વસ્તુઓ મૂલ્ય તરીકે સ્થાપિત થતી જાય છે કે મૂળભૂત બાબત સાવ ગૌણ બની રહે છે.

આ અહેવાલના સહકર્તા અને ‘ડાઉન ટુ અર્થ’ના મેનેજિંગ તંત્રી રિચર્ડ મહાપાત્રે જણાવ્યા અનુસાર 36 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો પૈકીનાં બત્રીસ જાહેર માળખાકીય સુવિધાઓ (સડક, વીજળી અને આવાસ) બાબતે અડધે પણ પહોંચી શક્યા નથી. મતલબ કે સમગ્રપણે રાષ્ટ્રીય વિકાસ ઘણો ઘણો મંથર ગતિએ થઈ રહ્યો છે. આપણા માટે આ અહેવાલ કેવળ ક્રમાંક મેળવવાનું માધ્યમ બની રહે એમ હોય તો એનો કશો અર્થ સરતો નથી.

એવો સવાલ પણ થઈ શકે કે આ અહેવાલ ગમે એટલો પ્રમાણભૂત હોય, પછી એનું શું? એમાં ઉજાગર કરાયેલી બાબતો પર વિચારવિમર્શ કરવા કોઈ તૈયાર થશે ખરું? એમાં દર્શાવાયેલી પરિસ્થિતિમાં પરિવર્તન લાવવા અંગે કશાં પગલાં લેવાશે? કે પછી નાણાં ખર્ચાયા પછી તૈયાર થયેલો વધુ એક અહેવાલ આખરે અભરાઈને શોભાવશે?

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## લગ્ન એ વ્યક્તિની અંગત બાબત છે

કોઈ વ્યકિત લગ્ન ન કરે કે કોઈ બે કે ત્રણ લગ્ન કરે તે તેની અંગત બાબત છે. તેમાં સમાજ તેને સજા ન કરી શકે. આપણા દેશમાં કાયદા એવા છે કે જ્યાં સુધી ફરિયાદ ન થાય ત્યાં સુધી સામે ચાલીને કોઈ તેની તપાસ કરતું નથી. હજુ પણ બાળ લગ્નો થાય છે પણ ફરિયાદ થાય તો જ તપાસ થાય છે. કાયદેસરની ફરિયાદ થાય અને ગુનો બનતો હોય તો તેની તપાસ થાય છે.કોઈ લગ્ન ન કરે તો ગુનો બનતો નથી,પરંતુ લગ્ન કરવાના વચનો આપીને તરછોડી દે તો ગુનો બને છે. હમણાં હિન્દી ફિલ્મના સુપરસ્ટાર આમિરખાને ત્રીજા લગ્ન કર્યાં તેની ચર્ચા વધુ ચાલી રહી છે. લગ્ન કરીને જવાબદારી સ્વીકારવી એ તો સારી વાત છે. જો તેમને વાંધો ન હોય તો સમાજના માણસોએ વાંધો શા માટે લેવો અને જો ગુનો લાગુ પડતો હશે તો કાયદાના રક્ષકો બેઠેલા જ છે. પરંતુ આમિરખાન હિન્દુ નથી અને જો કોઈ નવો કાયદો અમલમાં આવ્યો હોય તો તે કાયદાનું પાલન કરાવનારનો વિષય છે. સમાજનો નથી. હિન્દુ સમાજના એક વ્યક્તિ સોશિયલ મીડિયા પર આમિરખાનની હત્યા કરનાર માટે ઈનામ જાહેર કરવાની વાત કરે છે તે યોગ્ય છે ખરું?

**સુરત - પ્રવિણ પરમાર**

## ડિજિટલ સંસ્કાર અનિવાર્ય

21 મી સદી એ ટેકનોલોજીની સદી છે. આપણે સૌ ડિજિટલ યુગમાં જીવી રહ્યા છે. ડિજિટલ ક્રાંતિના આપણે સૌ સાક્ષી બની રહ્યા છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ યુગનો પ્રારંભ થઈ ગયો છે. ડિજિટલ યુગમાં ડિજિટલ સંસ્કાર આવશ્યક જ નહીં પરંતુ અનિવાર્ય પણ છે. મોબાઈલ હવે માનવ જીવનનું અનિવાર્ય અંગ બની ગયું છે ત્યારે મોબાઈલના ફાયદા કે ગેરફાયદાની ચર્ચા કરવાને બદલે તથા મોબાઈલ રાખવો જોઈએ કે નહીં રાખવો જોઈએ તેની કડાકૂટમાં પડવાને બદલે ડિજિટલ સંસ્કારની વાત હવે શીખવી અને શીખવવી પડશે. શાળા અને કોલેજોમાં મોબાઈલ પર પ્રતિબંધની વાતો થાય છે અને વર્ગખંડમાં એનો અમલ પણ થાય છે પરંતુ શૈક્ષણિક સંસ્થાઓના કેમ્પસમાં ભાગ્યે જ હવે કોઈ મોબાઈલ વિનાનું હશે. મોબાઈલનો પણ સદુપયોગ થઈ શકે છે એ વાત હવે શીખવવી પડશે. જે રીતે ટ્રાફિકના નિયમો હોય છે તે રીતે ડિજિટલ ગેઝેટ્સના ઉપયોગના પણ નિયમો હોય છે જેને આપણે ડિજિટલ સંસ્કાર કહી શકીએ. ટેકનોલોજીના ગુલામ બન્યા વિના ટેકનોલોજીનો ઉપયોગ કરવો એ ડિજિટલ સંસ્કાર છે. ફેક સમાચાર કે ફેક વિડીયો અન્યને ફોરવર્ડ કરતા રહીએ એ યોગ્ય નહીં કહેવાય. અન્યને ફોરવર્ડ કરતા પહેલા એની ચકાસણી કરવી જોઈએ. બપોરે લંચ કે ડિનર લેતી વખતે મોબાઈલનો ઉપયોગ નહીં કરીએ. સોશિયલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મ પર અન્યોને ટ્રોલ કરવા , કોમેન્ટ કરવી કે ગાળો લખવી કે બીજાને ઉતારી પાડવા એને ડિજિટલ અસંસ્કારીતા કહી શકાય ! ડિજિટલ સંસ્કારના અભાવને પરિણામે સંબંધો તૂટે છે. પરિવારના સભ્યો વચ્ચે કોમ્યુનિકેશનનો અભાવ સર્જાય છે. આ ઉપરાંત માણસ આભાસી જીવન જીવતો થઈ જાય છે. ડિજિટલ સંસ્કાર નહીં હશે તો માણસ હતાશ કે નિરાશ થઈને ડિપ્રેશનનો ભોગ બની જાય છે. ભણવાના સમયે કે નોકરીના સ્થળ પર ઓફિસમાં મોબાઈલનો ઉપયોગ કરવામાં આવે એ ડિજિટલ સંસ્કાર નથી. શાળા અને કોલેજોમાં ડિજિટલ સંસ્કારનો ટોપીક અભ્યાસક્રમમાં દાખલ કરવો જોઈએ.

**નવસારી - ડૉ. જે. એમ. નાયક**

## ભ્રષ્ટાચાર હાલ એની ચરમ સીમા પર છે

આચાર્ય વિનોબા ભાવે કહી ગયા હતા કે ભારતમાં ભ્રષ્ટાચાર શિષ્ટાચાર બની જશે. તેમની વાત આજે મહદ અંશે સાચી પડી રહી છે. ભ્રષ્ટાચાર હાલ એની ચરમ સીમા પર છે અને ભ્રષ્ટાચારીઓ બેફામ બન્યા છે. રાજકારણ એ સેવાકીય ક્ષેત્ર છે. આ ક્ષેત્રમાં આવનાર વ્યક્તિએ પોતે સેવા કરવા આવ્યો છે તેવું સમજી ને જ આવવું જોઈએ. પેન્શન પ્રવાસો અને અનેક ભથ્થા સુવિધાઓ મેળવતાં સેવકોએ એટલું તો જાણી લેવુ જોઈએ કે તમે જે પણ ભથ્થા પેન્સન કે જે પણ લાભો સુવિધાઓ મેળવો છો તે લોકોએ પસીનો પાડીને ભરેલા ટેક્સની રકમ માંથી મેળવો છો. રાજકીય ક્ષેત્રે આવનાર વ્યક્તિએ સેવા કરવા આવ્યો હોય અને પછી એટલા બધા તો લાભ લે છે કે કેન્દ્ર અને રાજ્ય સરકાર પર તેનો બોજો વધતો જાય છે અને સરકાર પોતે પણ તેમાં કાપ મુકતી નથી કારણકે મફતમાં મળતા લાભો બધા જ પક્ષો ભેગા મળીને નક્કી કરીને જ લેતા હોય છે. અંતે તેનો બોજ પ્રજા પર પડે છે આ બધુજ બંધ થઈ શકે છે જો સરકારે કાયદો ઘડીને એવું જાહેર કરે કે હવે પછી રાજકારણમાં આવનારને સરકાર તરફ થી કોઈપણ જાતના લાભો મળશે નહીં. તેવોએ એટલું સમજી વિચારીને જ રાજકારણમાં આવવું જોઈએ, કારણ કે રાજકારણ એ સ્વેચ્છીકતાથી અપનાવેલુ સેવાકીય ક્ષેત્ર છે કોઈ ખાનગી પેઢી ની નોકરી નથી.

**સુરત - વિજય તુઈવાલા**

## મોબાઈલના ફાયદાઓ!

મોબાઈલ આજે વૈભવ નહીં, પરંતુ જીવનની જરૂરિયાત બની ગયો છે. છતાં દુર્ભાગ્યે મોટા ભાગના લોકો તેને જ્ઞાનનું સાધન બનાવવાને બદલે સમય બગાડવાનું સાધન બનાવી બેઠા છે. કલાકો સુધી રીલ્સ, શોર્ટ વીડિયો અને બિનજરૂરી સોશિયલ મીડિયામાં ડૂબી રહેનાર યુવાનોને કદાચ એનો ખ્યાલ નથી કે તેઓ પોતાના ભવિષ્યના અમૂલ્ય કલાકો ગુમાવી રહ્યા છે. એક જ મોબાઈલથી વિશ્વનું જ્ઞાન મેળવી શકાય, નવી કુશળતા શીખી શકાય, રોજગારની તકો શોધી શકાય, સરકારી યોજનાઓનો લાભ લઈ શકાય અને વ્યવસાયને નવી ઊંચાઈએ પહોંચાડી શકાય. બીજી તરફ, એ જ મોબાઈલનો બેફામ ઉપયોગ વ્યસન, એકાગ્રતાનો અભાવ, સંબંધોમાં અંતર અને સાયબર છેતરપિંડી જેવી ગંભીર સમસ્યાઓને જન્મ આપે છે. પ્રશ્ન મોબાઈલનો નથી, પ્રશ્ન તેના ઉપયોગનો છે. સમાજ, શાળા અને પરિવારની જવાબદારી છે કે નવી પેઢીને મોબાઈલનો સદુપયોગ શીખવે. ટેક્નોલોજી આપણને ચલાવે નહીં, આપણે ટેક્નોલોજીને ચલાવીએ– એવો અભિગમ કેળવવો પડશે. મોબાઈલને મનોરંજનનું રમકડું નહીં, પરંતુ જ્ઞાન, પ્રગતિ અને આત્મનિર્ભરતાનું શક્તિશાળી સાધન બનાવવાનો સમય આવી ગયો છે.

**નવસારી- અબ્દુર્રહમાન મેમ સીમલક**

## સમસ્યાનો અંત ક્યારે

1947 ની આઝાદીથી લઈને વર્તમાન સમય સુધી ભારત દેશમાં વિવિધ અવનવી સમસ્યા ઉભી થઈ રહી છે એ ગરીબી હોઈ કે બેરોજગારી કે પછી અત્યાચારની દેશના શાસનને એકતંત્રથી ચલાવવા માટે 1950 માં સર્વમાન્ય બંધારણ અમલમાં મૂકવામાં આવ્યું હતું પરંતુ વર્તમાન જંતર મંતર દીકરી પરનો લાઠીચાર્જે તથા તંત્રની બેદરકારીથી ઉદભવતી સમસ્યા જોતા શું ખરેખર ભારત દેશ લોકશાહી છે તથા બંધારણનો અમલ થાય છે ખરો? શિક્ષણ એ માનવી અને સમાજના વિકાસની પારાશીશી છે પરંતુ વર્તમાન શિક્ષણ પ્રણાલી અને નિર્ણય યોગ્ય છે ખરા ? વિવિધ વિભાગના અધિકારી દ્વારા સમસ્યાનો અંત આવે છે ખરો? ટ્રેન અકસ્માત ખેડૂત ની સમસ્યા કે પછી મોઘવારી હોઈ. હોદ્દાદારી વ્યક્તિ 10 20 30 મિનિટ કે કલાકો સુધી ન પહોંચે તો કોઈ પ્રતિક્રિયા થતી નથી પરંતુ neet ની કે પછી બીજી કોઈપણ પ્રકારની સરકારી પરીક્ષામાં બાળક 1 2 મિનિટ મોડી આવે તો સ્વીકારવામાં આવતા નથી તથા વારંવાર પેપર લીક થાય છે આવું કેમ ? વિધાર્થી અને શિક્ષણની સમસ્યાના યોગ્ય નિર્ણય અને અંત માટે સોનમ વાંગચુક દ્વારા હંગર સ્ટ્રાઈક કરવામાં આવી છે 21 દિવસ સુધીની લડતની સામે હજુ પણ ન્યાય મળ્યો નથી અને હજુ કેટલા દિવસ સુધી ચાલશે એ નક્કી નથી વિરોધ દરમિયાન દેવી સમાન દીકરી પણ કરુણ લાઠીચાર્જ કરવામાં આવ્યો શું આ છે ભારતીય લોકશાહી અને બંધારણ? ત્યારે પ્રશ્ન થાય કે આવી અને અનેક સમસ્યાનો યોગ્ય અને જડમુળથી અંત ક્યારે આવશે?

**નવસારી - વિરલકુમાર ટંડેલ**